પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 23-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : Monday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****

1. રાજ્યની નવરચિત 9 મહાનગરપાલિકાઓને વિનામુલ્યે સરકારી જમીન ફાળવાશે
2. અમદાવાદ ગ્રામ્યમાં પાણી પુરવઠા યોજના અંતર્ગત 181 કરોડ રૂપિયાના વિકાસકામોને સૈદ્ધાંતિક મંજૂરી
3. સુરત સાયબર ક્રાઈમ પોલીસે બનાવટી રોકાણ કોલ સેન્ટરનો પર્દાફાશ કરી પાંચ આરોપી ઝડપ્યા
4. ગિરનારની લીલી પરિક્રમામાં અત્યાર સુધીમાં સાત લાખથી વધુ યાત્રિકો જોડાયા
5. રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં
6. આંતર યુનિવર્સિટી જુડો સ્પર્ધામાં ભાવનગરની વિદ્યાર્થિનીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

CM MAHANAGARPALIKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શહેરી વિકાસને વેગ આપતો વધુ એક મહત્વનો નિર્ણય લેવાયો છે. તે અંતર્ગત રાજ્યની નવરચિત 9 મહાનગરપાલિકાઓને વિનામુલ્યે સરકારી જમીન ફાળવાશે. આ માટે રાજ્ય સરકારે નિયમોમાં 5 વર્ષ માટે ખાસ છૂટછાટ આપી છે. સાંભળીએ એક અહેવાલ..

(VC: MAYUR SOLANKI)

(મહેસુલ વિભાગના ઠરાવ મુજબ, દર્શાવેલા હેતુઓ માટે એક હેક્ટરની મર્યાદામાં સરકારી જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરી શકાય; તેવી જોગવાઈ કરવામાં આવી છે. એક હેક્ટરથી વધુ જમીનની માંગણીના કિસ્સામાં રાજ્ય સરકારની મંજૂરી લેવાની રહેશે. ફાળવવામાં આવેલી જમીનનો ઉપયોગ નિર્ધારિત જાહેર હેતુ માટે જ કરવાનો રહેશે. જમીનની માલિકી સરકારની જ રહેશે અને જમીનના ગામ નમૂના નં. 7 માં કબજેદાર તરીકે 'શ્રી સરકાર' તથા અન્ય હક્કમાં 'શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ' દર્શાવવાની જોગવાઈ પણ કરાઇ છે. મહેસૂલ વિભાગ દ્વારા જમીન ફાળવણીના નિયમોમાં આપવામાં આવેલી ખાસ છૂટછાટ પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

AHMEDABAD RURAL

અમદાવાદ જિલ્લાના વિરમગામ , માંડલ અને દેત્રોજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની વ્યવસ્થાને કાયમી ધોરણે મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડાભસર અને ભોંયણી જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત 181 કરોડ રૂપિયાના વિકાસકામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી ત્રણેય તાલુકાના કુલ 125 ગામો અને 35 પરા વિસ્તારોમાં શુદ્ધ અને નિયમિત પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. આ યોજના હેઠળ વિરમગામ વિધાનસભા વિસ્તારના ગામોમાં નવી પાઇપલાઇનો નાખવામાં આવશે. ઉપરાંત , નવી પાણીની ટાંકીઓ અને નવા સંપનું પણ નિર્માણ કરાશે.

આ યોજના અંતર્ગત ભોંયણી ખાતે જૂથ પાણી પુરવઠા યોજનાનો નવો પ્લાન્ટ સ્થાપવામાં આવશે. જેનાથી અંતરિયાળ ગામડાંઓ સુધી શુદ્ધ અને ફિલ્ટર કરેલું પાણી પહોંચાડવાની વ્યવસ્થા ઊભી થશે.

RAJYAPAL-DEVRATJI

રાષ્ટ્રીય સાંપ્રદાયિક સમભાવ સપ્તાહ અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર ખાતે લોકભવનના કર્મયોગીઓને રાષ્ટ્રીય અખંડતા શપથ ' લેવડાવ્યા હતા. રાજ્યપાલના માર્ગદર્શન હેઠળ કર્મયોગીઓએ દેશની આઝાદી અને અખંડતાને અકબંધ રાખવા તેમજ તેને વધુ મજબૂત બનાવવા માટે પૂર્ણ સમર્પણ સાથે કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ અવસરે ભારતના સંવિધાનની ઉદ્દેશિકાનું પણ પઠન કરવામાં આવ્યું હતું.

SURAT CYBER CRIME

સુરત સાયબર ક્રાઈમ પોલીસે ઈન્દોરમાં કાર્યરત એક નકલી રોકાણ કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે અને પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓ દેશભરમાં ત્રણ હજારથી વધી લોકો સાથેની છેતરપિંડીમાં સંડોવાયેલા હતા. આ અંગે વધુ માહિતી આપતા DCP વિશાખા જૈને જણાવ્યું કે પોલીસે 3 હજાર 100 જેટલા પીડિતોનો ડેટા પણ રિકવર કર્યો છે.

(BYTE: VISHAKHA JAIN, DCP)

हम वहां जो कॉल सेंटर है वहां से पांच लोगों को लाए हैं। वो पांचों एक्यूज्ड जो है वह पिछले एक साल से इस कॉल सेंटर में जुड़े हुए हैं और यह हमारा जो केस है पर्टिकुलर उसमें इन लोगों का सीधा इन्वॉल्वमेंट भी है, लेकिन इसमें जो मेन हैंडलर है उसने जब हमारी टीम वहां पर कॉल सेंटर पहुंची थी तो उसने सीसीटीवी कैमरा से देख लिया था कि पुलिस पहुंच गई है तो इसीलिए फिर वो उस एरिया में आया नहीं और वो अंडरग्राउंड हो गया है। तो उसको पकड़ने के लिए हमारी जो इन्वेस्टिगेशन है वह अभी उस पे कार्यरत है।

GIRNAR PARIKRAMA

જૂનાગઢમાં ચાલી રહેલી ગિરનારની લીલી પરિક્રમા એમના અંતિમ પડાવ પર પહોંચી છે. કારતક સુદ એકાદશીથી શરૂ થયેલી ગિરનારની આ પ્રદક્ષિણામાં અત્યાર સુધીમાં સાત લાખથી વધુ યાત્રિકો જોડાયા હોવાનું અનુમાન વન વિભાગએ વ્યક્ત કર્યું છે. અંતિમ પડાવ બોરદેવી ખાતે હાલ યાત્રિકોનો પ્રવાહ છે જ્યાં ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ બોરદેવી મંદિરની મુલાકાત લઇ યાત્રાળુઓ સાથે સંવાદ સાધ્યો હતો અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાની સમીક્ષા પણ કરી હતી. દરમિયાન આવતીકાલે આ પરિક્રમા પૂર્ણ થશે અને ગિરનારનું 36 કિલોમીટરનું અંતર કાપીને યાત્રિકો માદરે વતનની વાટ પકડશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , 30 નવેમ્બર સુધી હવામાન સામાન્ય રીતે સૂકું રહેવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન મુખ્યત્વે ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાય તેવી સ્થિતિ બની રહેશે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું કે રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં 11.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

(BYTE: DR. A.K. DAS, DIRECTOR)

23 नवंबर से लेकर 30 नवंबर तक मौसम आमतौर पर शुष्क रहने का पूर्वानुमान दिया गया है। और जो लघुत्तम तापमान है इसमें कोई बड़ा बदलाव नहीं रहेगा। फिशरमैन भाई के लिए भी स्ट्रांग विंड का पूर्वानुमान दिया गया है। गस्टिंग स्पीड 50 किलोमीटर प्रति घंटा दिया गया है। सबसे कम तापमान रिकॉर्ड हुआ है नलिया में 11.2 डिग्री सेंटीग्रेड, जो सामान्य से 3.3 डिग्री सेंटीग्रेड नीचे है।

BHARUCH ACCIDENT

ભરૂચ જિલ્લાની ઝઘડિયા ચોકડી પર ટ્રક અને મોપેડ વચ્ચે અકસ્માત થતાં બેનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે અકસ્માત એટલો ભયાનક હતો કે મોપેડ પર સવાર બંને યુવક-યુવતી ટ્રકની નીચે ફસાઈ ગયાં હતાં. અકસ્માતને કારણે ઝઘડિયા ચોકડી પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

PANCHMAHAL-ACCIDENT

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના નાટાપુર નજીક દિલ્હી-મુંબઈ ભારતમાલ ધોરીમાર્ગ ઓળંગતી વખતે અજાણ્યા વાહનને ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયેલા આરતસિંહ પટેલને ગોધરા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે મોરવા હડફ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

RJK PBR PASSENGER TRAIN

રાજકોટ–પોરબંદર પેસેન્જર ટ્રેનને આવતીકાલથી આગામી 28 ડિસેમ્બર સુધી ભક્તિનગર મથકથી દોડાવાશે. રાજકોટ રેલવેમથકના યાર્ડમાં થનારા વિકાસકાર્યોને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનના સંચાલનમાં કામચલાઉ ફેરફાર કરાયો હોવાનું ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું.

PENSION ADALAT

પોસ્ટ વિભાગના R.M.S. A.M વિભાગમાંથી નિવૃત થયેલા પેન્સનર્સ માટે પેન્શન અદાલતનું આયોજન તારીખ 1 ડિસેમ્બર 2026 ના રોજ 11 વાગ્યે શાહીબાગ અમદાવાદ ખાતે કરવામાં આવશે. નિવૃત થયેલા પેન્શનર્સને કોઈ ફરિયાદ હોય તો તારીખ 26 નવેમ્બર 2026 સુધી આસિસટન્ટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ આરએમએસ , એ એમ વિભાગની કચેરી, શાહીબાગ, અમદાવાદ 380004 ને મોકલવાની રહેશે.

VALSAD- ITI

વલસાડ જિલ્લાના લીલાપોર સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાખાતે દીક્ષાંત સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં કુલ 8 ટ્રેડના 132 તાલીમાર્થીઓને સર્ટીફીકેટ અપાયા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ પ્રસાદ ગંગાવકરે જણાવ્યું કે , આજના સ્પર્ધાત્મક યુગમાં ટેકનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસનું ખૂબ જ મહત્વ છે. ITI જેવી સંસ્થાઓ યુવાનોને વિવિધ વ્યવસાયલક્ષી ટ્રેડમાં તાલીમ આપી રોજગારલક્ષી અને આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

MAHESHANA –DISHA

મહેસાણા જિલ્લામાં સાંસદ હરિભાઈ પટેલ અને મયંક નાયક ના અધ્યક્ષસ્થાને 'દિશા' કમિટી ની બેઠક યોજાઈ જેમાં 37 વિભાગોની 102 કલ્યાણકારી યોજનાઓની કામગીરીની સઘન સમીક્ષા કરાઇ હતી.

જેમાં સાંસદ હરિભાઈ પટેલે કહ્યું કે સરકારની દરેક કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના જરૂરિયાતમંદ નાગરિક સુધી સમયસર અને સરળતાથી પહોંચે તેવું સુદ્રઢ આયોજન કરવું જરૂરી છે. તેમણે 102 યોજનાઓના અમલ માટે સુદ્રઢ આયોજન કરવા અધિકારીઓને સૂચના આપી . જ્યારે સાંસદ મયંક નાયકે કહ્યું કે શ્રમિકો અને ખેડૂતો સહિત તમામ લાભાર્થીઓ સુધી સરકારી યોજનાઓની સાચી માહિતી અને લાભ પહોંચે તે માટે સૌએ સહિયારા પ્રયત્ન કરવા જોઈએ.

BHAVNAGAR JUDO

આંતર યુનિવર્સિટી જુડો સ્પર્ધામાં ભાવનગરની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધામાં નંદકુવરબા મહિલા કોલેજની વિદ્યાર્થીની વનિતા મેણીયાએ સુવર્ણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન નંદકુવરબા મહિલા કોલેજ , દેવરાજ નગર ખાતે અભ્યાસ કરતી વનિતાએ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે આયોજિત આંતર યુનિવર્સિટી જુડો સ્પર્ધામાં એમ.કે.બી. યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતાં 70 કિલોગ્રામ વજન વર્ગમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાત , મહારાષ્ટ્ર અને રાજસ્થાનની વિવિધ યુનિવર્સિટીઓના પ્રતિભાશાળી ખેલાડીઓએ પોતાની યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ ઉપરાંત નંદકુવરબા મહિલા કોલેજની અન્ય વિદ્યાર્થીની નેહા બુધેલીયાએ પણ જુડો સ્પર્ધાના માઇનસ 63 કિલોગ્રામ વજન વર્ગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે.